GJSK020073772025

દાખલ તા.	૦૭	૦૨	૨૦૨૫
નોંધ્યા તા.	૧૧	૦૨	૨૦૨૫
ફેસલ તા.	૩૦	૦૬	૨૦૨૬
અવધિ	વર્ષ	માસ	દિવસ
	૦૧	૦૪	૨૩

:: નમૂના–અ ::

હિંમતનગર ના એડી.જ્યુડિશિયલ મેજી. ફ. ક.સાહેબ શ્રી ની અદાલત મુ. હિંમતનગર	
ચુકાદા ની તારીખ	૩૦/૦૬/૨૦૨૬
ફોજદારી કેસ નં.	૫૯૦૨/૨૦૨૫
ગુના રજીસ્ટર નંબર	ખાનગી ફરિયાદ
ગુનાની કલમ	નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ
પોલીસ સ્ટેશન	ખાનગી ફરિયાદ
ફરિયાદી પક્ષ	**પુજન ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ફાયનાન્સ પ્રા.લી ના અધિકૃત કર્મચારી પ્રજાપતિ તરૂણકુમાર જયંતિભાઈ** રહેઃમુ.પો:–હિંમતનગર, તાઃ– હિંમતનગર જીઃ– સા.કાં
ફરિયાદી પક્ષે વિ.વ.શ્રી	એન.આર.મીર
આરોપી પક્ષ	**થોભાભાઈ વિહાભાઈ ભરવાડ** રહેઃમુ.પો:–૨૨૪,અંબિકા સોસાયટી,ઉભરણ(વાયથડ) તાઃ– માલપુર જી:– અરવલ્લી., પી.૩૮૩૩૪૫
આરોપી પક્ષે વિ.વ.શ્રી.	એમ.આઈ.મકરાણી

:: નમૂના–બ ::

ગુનાની તારીખ	ખાનગી ફરિયાદ
પ્રથમ માહિતી અહેવાલ ની તારીખ	ખાનગી ફરિયાદ
આખર અહેવાલ ની તારીખ	ખાનગી ફરિયાદ
પુરાવો શરૂ થયાની તારીખ	૧૬/૦૪/૨૦૨૫

ચુકાદા માટે રાખવાની તારીખ	૨૪/૦૬/૨૦૨૬
ચુકાદા ની તારીખ	૩૦/૦૬/૨૦૨૬
સજા હુકમ ની તારીખ (લાગુ પડે તો)	૩૦/૦૬/૨૦૨૬

::આરોપી ની વિગત ::

અનુ.	આરોપી નું નામ	ધરપકડ તારીખ	જામીન મુક્તિ તારીખ	તહોમત	શું નિર્દોષ છોડ્યું/સજા કરી	કરવામાં આવેલ સજા	સુનાવણી દરમ્યાન અટકાયત નો સમય ગાળો ફો.કા.સંહિતા ની કલમ-૪૨૮ મુજબ
૧.	**થોભાભાઈ વિહાભાઈ ભરવાડ**	--	--	નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબ	તકસીરવાન	આખરી હુકમ મુજબ	---

//ચુકાદો//

<u>ફરીયાદીની હકીકત:-</u>

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી પુજન ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ફાયનાન્સ પ્રા. લિ. કંપનીઝ એક્ટ, ૧૯૫૬ હેઠળ નોંધાયેલ એક ખાનગી લિમિટેડ કંપની છે અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા નોન-બેન્કિંગ ફાયનાન્સિયલ ઈન્સ્ટિટ્યુશન તરીકે નોંધાયેલ છે. ફરીયાદી કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ મુંબઈ ખાતે આવેલ છે તથા તેની શાખા હિંમતનગર ખાતે કાર્યરત છે. ફરીયાદી કંપની વિવિધ પ્રકારની ફાયનાન્સ પ્રવૃત્તિઓ કરે છે અને ઓટોમોબાઈલ વાહનો ખરીદવા માટે હાઈપોથેકેશન ધિરાણ પૂરું પાડે

છે. કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા પસાર કરાયેલા ઠરાવ અનુસાર ફરિયાદી પ્રતિનિધિને હાલની ફરિયાદ દાખલ કરવાની તથા કોર્ટ કાર્યવાહી કરવાની સત્તા આપવામાં આવેલ છે.

આ કામના આરોપીને પ્લેટિના ટુ વ્હીલર ખરીદવાની જરૂરિયાત ઉભી થતાં તેણે ફરીયાદી કંપનીની હિંમતનગર શાખાનો સંપર્ક કરી ધિરાણની માંગણી કરેલ હતી. આરોપીની અરજી અને જરૂરી દસ્તાવેજોની તપાસ કર્યા બાદ ફરીયાદી કંપનીએ તા.૧૮/૦૮/૨૦૨૩ ના રોજ આરોપીને રૂ.૭૨,૦૦૦/- ની લોન મંજૂર કરી હતી. સદર લોન લોન એગ્રીમેન્ટ નં.૩૫૧૬૦ હેઠળ આપવામાં આવેલ હતી. આરોપીએ લોન એગ્રીમેન્ટ તથા અન્ય જરૂરી દસ્તાવેજો વાંચી, સમજી અને સ્વીકારી સહી કરી આપેલ હતા તેમજ લોનની રકમ નિર્ધારિત વ્યાજ, ચાર્જિસ અને માસિક હપ્તાઓ સાથે પરત ચુકવી આપવાની બાંહેધરી આપેલ હતી.

ફરીયાદીનો વધુ કેસ એવો છે કે આરોપી લોનના નિર્ધારિત માસિક હપ્તાઓ નિયમિતપણે ભરવામાં નિષ્ફળ ગયેલ હતો. પરિણામે તા.૨૨/૧૦/૨૦૨૪ સુધીમાં આરોપી તરફે બાકી રહેલા હપ્તાઓ તથા એગ્રીમેન્ટ મુજબના વિવિધ ચાર્જિસ સહિત કુલ રૂ.૮૫,૧૯૮/- ની લેણી બાકી નીકળતી હતી. ફરીયાદી કંપની દ્વારા વારંવાર ઉઘરાણી કરવામાં આવી હોવા છતાં આરોપીએ બાકી રકમની ચુકવણી કરેલ નહોતી. ત્યારબાદ આરોપીએ ફરીયાદી કંપની પાસેથી ધિરાણ હેઠળ લીધેલ મોટરસાઇકલ ફરીયાદી કંપનીને સોંપી આપેલ હતી અને બાકી રકમ ટૂંક સમયમાં ચુકવી આપવાની ખાતરી આપેલ હતી.

ફરીયાદી કંપનીએ વાહનના વેચાણ પહેલાં આરોપીને જાણ કર્યા બાદ આરોપીની હાજરીમાં સદર મોટરસાઇકલનું રૂ.૩૮,૫૦૦/- માં વેચાણ કરેલ હતું અને વેચાણથી પ્રાપ્ત થયેલ રકમ આરોપીના લોન ખાતામાં જમા કરવામાં આવેલ હતી. તેમ છતાં વેચાણની રકમની બાદબાકી કર્યા પછી પણ આરોપી તરફે રૂ.૪૬,૬૯૮/- ની બાકી લેણી રહેતી હતી.

ફરીયાદીનો વધુ કેસ એવો છે કે બાકી રહેલી લેણી રકમની

ચુકવણી કરવા માટે આરોપીએ ધી સાબરકાંઠા ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંક લિ., ઉભરણ શાખાનો ચેક નં.૦૩૦૦૩૧,તા.૦૫ /૧૨/૨૦૨૪ નો રૂ. ૪૬,૬૯૮/- નો ચેક ફરીયાદી કંપનીને આપેલ હતો અને સદર ચેક બેંકમાં રજૂ કરવા જણાવેલ હતું. જેથી ફરીયાદીએ સદર ચેક પોતાના એ.યુ. સ્મોલ ફાયનાન્સ બેંક, હિંમતનગર શાખાના ખાતામાં વસુલાત અર્થે રજૂ કરેલ હતો. પરંતુ સદર ચેક તા.૦૬/૧૨/૨૦૨૪ ના રોજ “Funds Insufficient” ના કારણસર અનાદર પામી પરત આવેલ હતો.

ત્યારબાદ ફરીયાદીએ પોતાના વકીલ મારફતે તા.૩૧/૧૨/૨૦૨૪ ના રોજ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ની કલમ-૧૩૮ મુજબની કાયદેસરની નોટિસ રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી. તેમજ સાદી પોસ્ટ મારફતે આરોપીને મોકલેલ હતી. સદર નોટિસની બજવણી થયા છતાં આરોપીએ નોટિસનો કોઈ જવાબ આપેલ નથી તેમજ ચેકની રકમની ચુકવણી પણ કરેલ નથી. તેથી આરોપીએ ચેક આપીને તથા ખાતામાં પૂરતું ભંડોળ જાળવી ન રાખીને નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ હેઠળનો ગુનો આચર્યો હોવાના આક્ષેપ સાથે હાલની ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે.

આરોપીની હાજરી અને તેમનું નિવેદન:-

(૨) આરોપીને સમન્સ બજતાં તેઓ નામદાર કોર્ટ સમક્ષ હાજર થતાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ- ૨૩૦ અન્વયે ફરીયાદ તથા તેની સાથે રજુ તમામ દસ્તાવેજોની નકલો વિનામુલ્યે આરોપીને પુરી પાડવામાં આવેલ. ત્યારબાદ આરોપીની ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ - ૨૭૪ હેઠળ આંક- થી પ્લી નોંધી ગુના અંગે પુછતા તેઓએ ગુનાનો ઈન્કાર કરેલો અને ન્યાયિક કાર્યવાહીની માંગણી કરતાં ફરીયાદપક્ષાનો પુરાવો રજુ કરવા સુચના આપવામાં આવેલ.

(૩) ત્યારબાદ, ફરીયાદ પક્ષો પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે:–

ફોર્મ–સી			
ફરિયાદ પક્ષ ના સાહેદો			
ક્રમ.	**આંક**	**નામ**	**પુરાવાનો પ્રકાર**
૧.	०४	ફરિયાદી– પુજન ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ફાયનાન્સ પ્રા.લી ના અધિકૃત કર્મચારી પ્રજાપતિ તરૂણકુમાર જયંતિભાઈ ની સોગંદ ઉપર સરતપાસ	મૌખિક

<u>ફરિયાદપક્ષ ના આંકે પાડેલા પુરાવાની વિગત ::–</u>

અ . નં.	**પુરાવા નું નામ**	**આંક**
૧.	ઓથોરિટી લેટરની ખરી નકલ	०૬
૨.	આરોપીએ આપેલ ચેક (અસલ)	०૭
૩.	રિટર્ન મેમો (અસલ)	०૮
४.	આરોપીને આપેલ કાયદેસરની નોટિસની નકલ	०૯
૫.	પોસ્ટલ/સફેદ પાવતી (અસલ)	૧०
૬.	ઓનલાઈન ટ્રેકિંગ રિપોર્ટ (અસલ)	૧૧
૭.	આરોપી સાથે કરેલ લોન એગ્રીમેન્ટ (અસલ)	૧૨
૮.	આરોપીના લોન ખાતાનું કોમ્પ્યુટરાઈઝડ સ્ટેટમેન્ટ (ખરી નકલ)	૧૩
૯.	આર.બી.આઈ. દ્વારા આપવામાં આવેલ નોંધણી પ્રમાણપત્ર (ખરી નકલ)	૧४
૧०.	આરોપીની લોન અરજી (અસલ)	૧૫
૧૧.	આરોપીનું સંમતિ પત્ર (અસલ)	૧૬

૧૨.	સરેન્ડર લેટર (અસલ)	૧૭
૧૩.	વેચાણ કરાર (અસલ)	૧૮

આમ ઉપર મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ફરીયાદ પક્ષ તરફે રજુ થયા બાદ આ સિવાય ફરીયાદપક્ષો અન્ય કોઈ વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોવા અંગે ક્લોઝિંગ પુરસીસ આંક–૨૩ થી રજૂ રાખેલ છે.

<u>ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૩૫૧ મુજબ આરોપી નું વિશેષ નિવેદન :</u>

(૪) ત્યારબાદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ– ૩૫૧ હેઠળ આરોપીનું વિશેષ નિવેદન તૈયાર કરવામાં આવેલ તેમજ વિશેષ નિવેદન આપવા માટે આરોપીને પુરતી તક આપવા છતાં આરોપી હાજર રહેતાં ન હોય, તેમજ કેસની કાર્યવાહી જાણી–જોઈને વિલંબમાં નાંખેલ હોય, ફરીયાદીએ આંક–૨૪ થી આપેલ અરજી ઉપર કરેલ હુકમ મુજબ આરોપીનો વિશેષ નિવેદન આપવાનો હકક બંધ કરવામાં આવેલ છે. આરોપી તરફે આજદીન સુધી સદર હકક ખોલાવવા માટે કોઈ અરજી પણ કરવામાં આવેલ નથી કે સદર હુકમને આજદીન સુધી એપેલેટ કોર્ટમાં પડકારેલ હોય તેવી કોઈ પણ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

<u>ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૩૫૭ મુજબ પક્ષકારો તરફે દલીલો :</u>

(૫) ફરીયાદી તરફે દલીલ કરેલ છે કે, ફરીયાદીએ પોતાનો કેસ વ્યાજબી પુરાવાથી પુરવાર કરેલ છે. જયારે આરોપી તરફે કોઈ બચાવ લેવામાં આવેલ નથી. ત્યારબાદ આરોપીને ફરીયાદીની ઉલટ તપાસ કરવા માટે વ્યાજબી અને પુરતી

તકો આપવા છતાં કોઈ જ ઉલટ તપાસ કરેલ ન હોય, ફરીયાદીની આંક– ૨૧ ની અરજી ઉપર હુકમ કરી, આરોપીનો ઉલટ તપાસનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. આમ, ફરીયાદીની ઉલટ તપાસ પણ કરવામાં આવેલ ન હોય તેવાં સંજોગોમાં ફરીયાદી સરતપાસ ઉપર જે હકીકત જણાવે છે તે ન માનવાને કારણ નથી. આરોપીએ કલમ– ૧૩૯ મુજબના અનુમાનનું કોઈ ખંડન કરેલ નથી, જેથી આવા સંજોગોમાં ફરીયાદીનું કાયદેસરનું લેણું પુરવાર થતું હોય, તેમજ કલમ– ૧૩૮ના તત્વો પુરવાર થતા હોય, આરોપીને વધુમાં વધુ સજા કરી વળતર અપાવવા રજુઆત કરેલ છે. ત્યારબાદ સદર કામ આરોપીઓ તરફે દલીલો માટે રાખવામાં આવે છે, આરોપીઓને દલીલો કરવા માટે પુરતી તક આપવા છતાં આરોપીઓએ દલીલો કરેલ ન હોય, ફરીયાદીની આંક– ૨૫ ની અરજી ઉપર હુકમ કરી, આરોપીની દલીલનો હકક બંધ કરવામાં આવેલ. જે આરોપી તરફે આજદીન સુધી સદર હક ખોલાવવા માટે કોઈ અરજી પણ કરવામાં આવેલ નથી કે સદર હુકમને આજદીન સુધી એપેલેટ કોર્ટમાં પડકારેલ પણ નથી.

(૬) <u>ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ –૩૯૩(૧) (બી) મુજબ પોઈન્ટ ફોર ડિટેરમીનેશન:</u>

(૧) શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ફરીયાદી કંપની પાસેથી લોન એગ્રીમેન્ટ નં. ૩૫૧૬૦ હેઠળ તા.૧૮/૦૮/૨૦૨૩ ના રોજ રૂ.૭૨,૦૦૦/– ની લોન મેળવેલ હતી અને લોનની બાકી નીકળતી રકમ તથા અન્ય ચાર્જીસની

ચુકવણી પેટે આરોપીએ ફરીયાદીને ધી સાબરકાંઠા ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો–ઓપરેટિવ બેંક લિ., ઉભરણ શાખાનો ચેક નં.૦૩૦૦૩૧ તા.૦૫/૧૨/૨૦૨૪ નો રૂ.૪૬,૬૯૮ /– નો ચેક આપેલ હતો, જે ચેક ફરીયાદીએ પોતાના બેંક ખાતામાં વસુલાત અર્થે રજૂ કરતાં તે "Funds Insufficient" ના શેરા સાથે વગર સ્વીકારાયે પરત ફરેલ હતો અને ત્યારબાદ ફરીયાદીએ નિયત સમય મર્યાદામાં કાયદેસરની નોટિસ મોકલેલ હોવા છતાં આરોપીએ સદર નોટિસ મુજબ ચેકની રકમ ફરીયાદીને ચૂકવી આપેલ નથી અને આ રીતે આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારાત્મક

(૨) આખરી હુકમ મુજબ.

ઉપરોકત જવાબોના મારા કારણો નીચે મુજબ છે.

:: કારણો ::

મુદ્દા નં–૧:

(૮) ફરીયાદીએ હાલની ફરીયાદ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ભંગ બદલની કરેલ છે.

મુદ્દા નં. ૧ ની ચર્ચા કરતા પહેલા કલમ– ૧૩૮ પુરવાર કરવા માટે નીચે મુજબના તત્વો પુરવાર કરવા આવશ્યક છે.

1. આરોપીએ પોતાના ખાતામાંથી ફરીયાદીને નાણાંની ચુકવણી કરવા ચેક લખેલ હોવો જોઈએ.
2. આરોપીએ ફરીયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશત: દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.
3. ચેક, જે તારીખે લખ્યો તે તારીખથી છ માસમાં (હાલ ૩ માસમાં) બેંકમાં રજુ કરવામાં આવેલ હોવો જોઈએ.
4. ચેક ખાતામાં જમા કરાવતા અપુરતા ભંડોળના કે અન્ય કારણોસર વણ–ચૂકવાયેલ કારણે પરત થયેલ હોવો જોઈએ.
5. ચેક પરત ફર્યાની બેંકમાંથી માહીતી મળ્યા બાદ ફરીયાદીએ એક માસમાં નાણાંની લેખિત માંગણી કરેલ હોવી જોઈએ.
6. આરોપીને લેખિત માંગણીવાળી નોટીસ બજી ગયેલ હોવી જોઈએ અને આરોપીને બજવણી થયાથી દીન– ૧૫ માં ચેકની રકમ ચુકવવામાં કસુર કરેલ હોવી જોઈએ.
7. ત્યારબાદ એક માસમાં ફરીયાદ થયેલ હોવી જોઈએ.

(૯) આમ, જો આ તમામ તત્વો નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સફળ થાય તો જ એકટની કલમ ૧૩૮ નો ગુનો સાબિત થયાનુ માની શકાય.

સદર કામ અંગેનું સૌ પ્રથમ આવશ્યક તત્વ એ છે કે તકરારી ચેક કાયદેસરનુ દેવુ કે જવાબદારી પુરેપુરી કે અંશત: અદા કરવા માટે આપેલ હોવો જોઈએ. જે હકીકત પુરવાર કરવા અંગે સાબિતીનો પ્રારંભિક બોજો ફરીયાદી ઉપર રહે છે. જે બોજાનું ફરીયાદી વહન કરે કે તુરંત જ એન.આઈ.એકટની કલમ ૧૩૯ અન્વયે ચેક ધારણ કરનાર યાને કે હાલના ફરીયાદીની તરફેણમાં

તેમજ ચેક આપનાર યાને કે હાલના આરોપીની વિરૂધ્ધમાં કાયદાકીય અનુમાન કરવાનુ રહે છે. જે અનુસાર તકરારી ચેક કાયદેસરના દેવા કે જવાબદારીને સંપૂર્ણત: કે અંશત: ચુકવણી કરવા માટે જ આપવામાં આવ્યો હોવાનુ અનુમાન કરવાનુ રહે છે. સદર અનુમાન કાયદાકીય અનુમાન છે અને જે ખંડનાત્મક અનુમાન છે. ખંડનાત્મક અનુમાન અંગેનો પુરાવો રજુ કરવાનો સંપૂર્ણ બોજો આરોપી ઉપર રહે છે. સદર ખંડનાત્મક પુરાવો રજુ કરવા માટે કોઈ સીધો કે પ્રત્યક્ષ પુરાવો હોવો જોઈએ તેવુ જરૂરી નથી. આરોપી કેસના રેકર્ડ ઉપર તેવા સંજોગોથી પ્રસ્થાપિત કરી શકે કે જેનાથી તકરારી ચેક કોઈ કાયદેસરના દેવા માટે આપ્યો જ ન હોવાની સંભાવના ઘણી જ પ્રબળ હોય તો તેનાથી પણ સદર અનુમાનનું ખંડન થયાનું ગણી શકાય છે.

(૧૦) ફરિયાદીએ પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક– ૦૪ થી સરતપાસનુ સોગંદનામુ રજુ કરેલ છે જેમાં ફરીયાદીએ ફરીયાદમાં જણાવેલ તમામ હકીકતો સરતપાસમાં અક્ષર સહ: જણાવેલ છે. જેથી અત્રે તેનું પુનરાવર્તન કરવું આવશ્યક જણાતું નથી.

સદર કેસ આરોપીનાઓ દ્વારા ફરિયાદી ની ઉલટતપાસ માટે કેસ મુલતવી રાખવામાં આવેલ તેમ છતાં આ કામ ના આરોપીનાઓ દ્વારા ફરિયાદી ની ઊલટતપાસ કરેલ નથી કે ફરિયાદીની ઊલટતપાસ કરવા ફરિયાદી ને રી–કોલ કરાવવા એન.આઈ.એક્ટ ની કલમ–૧૪૫(૨) મુજબની અરજી રજૂ કરેલ નથી.વધુ માં આરોપી ને ફરિયાદી ની ઊલટતપાસ કરવા માટે પુરતી તક આપવા છતાં આરોપી એ ઊલટતપાસ કરેલ ન હોય, આંક – ૨૧ થી ફરીયાદી તરફે રજુ અરજી ઉપર હુકમ કરી ફરીયાદીની ઉલટ

તપાસ કરવાનો આરોપીનો હકક બંધ કરવામાં આવેલ છે. આરોપી તરફે આજદીન સુધી ઉલટ તપાસનો હકક ખોલવા માટે કોઈ અરજી પણ કરવામાં આવેલ નથી કે સદર હુકમને એપેલેટ કોર્ટમાં પડકારેલ પણ નથી. ફરીયાદી જે હકીકતો સોગંદ ઉપર જણાવે છે તે તમામ હકીકતો પડકાર્યા વિનાની છે. ફરીયાદીએ જે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે તે તમામ દસ્તાવેજી પુરાવાઓ પણ પડકાર્યા વિનાના છે. જયારે હકીકતો પડકાર્યા વિનાની હોય ત્યારે ફરીયાદી સોગંદ ઉપર સત્ય હકીકતો જણાવે છે તે માનવાને કારણ રહે છે. વધુમાં કલમ– ૧૩૯ અને કલમ ૧૧૮ નું અનુમાન પણ ફરીયાદીની તરફેણમાં કરવાનું રહે છે. તે અનુમાનની ખંડન કરવાની જવાબદારી બચાવપક્ષની છે. પરંતુ આરોપી તરફે ફરીયાદીએ જણાવેલ કોઈ હકીકતો પડકારેલ નથી, જેથી આરોપીએ અનુમાન કોઈ વ્યાજબી સબળ પુરાવાથી ખંડન કરેલ નથી. આવા સંજોગોમાં આરોપીએ કાયદેસરના દેવા પેટે ફરીયાદીને પોતાની સહીવાળો પોતાનો ખાતાનો ચેક આપેલ હોવાનું પુરવાર થાય છે.

(૧૧) વધુમાં **એ.આઈ.આર. ૨૦૧૦ (સુપ્રીમ કોર્ટ) ૧૮૯૮ રંગપ્પા વિરૂધ્ધ મોહન** ના ચુકાદાથી નામ. સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે કે, કલમ–૧૩૯ ના અનુમાનમાં કાયદાકીય અમલને પાત્ર વ્યવહાર અથવા તો જવાબદારીનું અસ્તિત્વ હોવાનો સમાવેશ થાય છે. સદર અનુમાન એ ખંડનાત્મક અનુમાન છે. આરોપી કાયદાકીય રીતે અમલને પાત્ર દેવું અથવા તો જવાબદારીનું અસ્તિત્વ ન હોવા બાબતે પોતાનો બચાવ રજુ કરી શકે છે. પરંતુ ફરીયાદીને લાભ કરે તેવું પ્રારંભિક અનુમાન હોવા બાબતે કોઈ શંકા નથી. કલમ– ૧૩૯

નો સમાવેશ કાયદા ઘડનાર દ્વારા વટાઉખતની વિશ્વસનીયતામાં સુધારો કરવાના આશયથી કરવામાં આવ્યો છે કે કલમ- ૧૩૮ દ્વારા ચેકનો અસ્વીકાર થયાનાં કીસ્સામાં સખત ફોજદારી ઉપાય મળે, જયારે કલમ-૧૩૯માં કરવામાં આવેલ ખંડનાત્મક અનુમાનની જોગવાઈ ઈન્સાફી કાર્યવાહીમાં થતી વિલંબ અટકાવવા માટે છે. તેમ છતાં યાદ રાખવું જરૂરી છે કે, કલમ- ૧૩૮ દ્વારા સજાને પાત્ર ગુનાને રેગ્યુલેટરી ઓફેન્સ તરીકે ઉલ્લેખવો જોઈએ. કારણ કે ચેકનો અસ્વીકાર થવો એ મોટાભાગે દીવાની અપકૃત્ય હોય છે અને જેની અસર મોટા ભાગે વ્યાપાર સાથે સંકળાયેલ હોય તેવા ખાનગી પક્ષકારો ઉપર થાય છે. તે કારણસર આરોપી ઉપર જે ખંડનાત્મક પુરાવાનો બોજો છે તે નાહક ઉચ્ચ ધોરણો દર્શાવતી સાબિતીનો હોવો જોઈએ નહી. જે હકીકત ધ્યાને લેતાં જયારે આરોપીએ અનુમાનનુ ખંડન કરવું હોય ત્યારે સાબિતીનું ધોરણ પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીથી થવું જોઈએ. માટે જયારે આરોપી કાયદાકીય રીતે અમલને પાત્ર હોય તેવું દેવું અથવા જવાબદારી સામે શંકા ઉપસ્થિત થાય તેવો બચાવ ઉભો કરવામાં સફળ થાય તો ફરીયાદપક્ષનો કેસ નિષ્ફળ થઈ શકે. આરોપી આવો બચાવ ઉભો કરવામા માટે ફરીયાદપક્ષ તરફથી જે સામગ્રી રજુ કરવામાં આવી હોય તેના ઉપર આધાર રાખી શકે અને તે સંજોગોમાં અમુક કેસમાં આરોપીએ પોતાનો પુરાવો રજુ કરવો જરૂરી હોતો નથી. વધુમાં સદર ચુકાદાથી એવો પણ સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, કલમ- ૧૩૯ અન્વયેના અનુમાનનુ ખંડન કરવા માટે આરોપી તરફે જે બચાવ લેવામાં આવ્યો હોય તે બચાવ સામાન્ય બુદ્ધિ ધારણ કરનાર માણસ સ્વીકારી શકે તેવો સંભવિત બચાવ હોવો જોઈએ. સબબ સદર ચુકાદાથી પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત અનુસાર હાલના કેસમાં પણ તકરારી

ચેક આરોપીએ પોતાના કાયદેસર રીતે અમલને પાત્ર થઈ શકે તેવાં દેવા કે જવાબદારીની ચુકવણી પેટે આપ્યો હોવાની હકીકતને અનુમાન કરવામાં આવે છે.

હવે એ નકકી કરવાનુ રહે છે કે, આરોપીએ સદર અનુમાનનું ખંડન કરેલ છે કે કેમ ? જો આરોપીએ અનુમાનનું ખંડન કર્યાનું પ્રસ્થાપિત થાય તો તકરારી ચેક અંગે કોઈ કાયદેસરની લેણી રકમ હતી તેવી હકીકત પુરવાર કરવા અંગે સાબીતીનો બોજો ફરીયાદીના શીર ઉપર સિફ્ટ થાય તેમ છે. આ કામે આરોપી તરફે કોઈ સીધો કે પ્રત્યક્ષ ખંડનાત્મક પુરાવો રજુ કરવામાં આવ્યો નથી. આરોપી તરફે ફરીયાદીની ઉલટ તપાસ કરીને અથવા તો રેકર્ડ ઉપર રહેલી સામગ્રી દ્ધારા સદર સ્ટેચ્યુટરી અનુમાનનું ખંડન કરેલ નથી. ઉપરોકત રંગપ્પા ચુકાદાથી પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત અનુસાર આરોપીએ આ કામે લીધેલ બચાવ સંભવિત બચાવ છે કે કેમ, તે પણ નકકી કરવાનું રહે છે. તે હકીકત નકકી કરવા માટે હાલના કેસમાં આરોપી તરફે ઉલટ તપાસ દરમિયાન તેમજ દલીલો દરમિયાન ઉપસ્થિત કરેલ બચાવ ધ્યાને લેવાનાં રહે છે. પરંતુ આ કામે આરોપી તરફે કોઈ ઉલટ તપાસ કરવામાં આવેલ ન હોય તેમજ કોઈ દલીલો કરવામાં આવેલ ન હોય, આરોપી તરફે કલમ– ૧૩૯ ના અનુમાનનું કોઈ વ્યાજબી ખંડન કરેલ નથી.

(૧૨) વધુમાં આ તબક્કે નામ.ગુજરાત હાઇકોર્ટ નું લેટેસ્ટ જજમેંટ ધ્યાન પર લેવું જરૂરી છે.જેના મહત્વ ના પેરા નીચે મુજબ છે.

2023 (0) AIJEL-HC 247313

GUJARAT HIGH COURT

Manoj Vasudev Sompura Versus State Of Gujarat

Decided on:- 15-09-2023

11. Before the trial Court, sufficient opportunities were granted to the petitioner to conduct the cross-examination of the complainant. However, it appears that the petitioner had not availed of any of the opportunities provided by the trial Court to conduct cross-examination of the complainant. The trial Court had even imposed costs upon the petitioner for getting his right to conduct cross-examination of the complainant re-opened but, even thereafter, the petitioner had not availed of the opportunity to cross-examine the complainant for reasons best known to him. Further, the petitioner had not produced any evidence in his defence nor had submitted any oral / written arguments or had examined any witness in his defence.

12. From the above set of facts, it appears that the decision to not remain present on the next date after getting his Further Statement u/s. 313 of Cr.P.C. recorded on the earlier date and to not conduct cross-examination of the complainant in spite of being afforded with sufficient opportunities, was a deliberate or voluntary decision taken by the petitioner. In the interregnum, there is nothing to suggest that the petitioner or his advocate had filed any application requesting the trial Court to grant him an opportunity to record his Further Statement u/s. 313 of Cr.P.C. or to conduct cross-examination of the complainant. The petitioner went into oblivion after the date when his Further Statement u/s. 313 of Cr.P.C. came to be recorded but before it could be exhibited. ***Therefore, the trial Court was left with no other option but to conduct the trial in the absence of the petitioner, who had deliberately or voluntarily chosen to evade the trial proceedings.*** *Under these circumstances, there was no reason for the trial Court to issue any warrant against the petitioner, as contended by learned advocate for the petitioner. Moreover, the petitioner had not produced any evidence in his defence or had made any submissions either oral or in writing.*

14. Considering the facts and circumstances of the case, this Court is of the opinion that the trial Court was completely justified in passing the impugned judgment and order. ***The decision to not conduct cross-examination of the complainant in spite of repeated opportunities and to not remain present***

on the next date of trial when his Further Statement u/s. 313 of Cr.P.C. recorded on the earlier date was to be exhibited was a deliberate, intentional and conscious decision on the part of the petitioner. It was not that the petitioner was not aware about the stage of trial proceedings. However, deliberately, the petitioner had chosen to remain absent from the trial proceedings from the date his Further Statement u/s. 313 of Cr.P.C. was recorded but before it could be exhibited.

(૧૩) આમ, ઉપરોકત ચર્ચા કરી તે મુજબ ફરીયાદીની જુબાની તથા ફરીયાદી તરફે રજુ કરવામાં આવેલ તમામ દસ્તાવેજી પુરાવા ધ્યાને રાખતાં ફરિયાદી ને આરોપી એ લીધેલ નાણાં ની ચુકવણી સારું હાલનો આ ચેક આપેલા નું પુરવાર થાય છે આમ, ફરીયાદીનું કાયદેસરનું લેણું પુરવાર થાય છે. આરોપીએ કલમ– ૧૩૯ અને કલમ– ૧૧૮ ના અનુમાનનું કોઈ વ્યાજબી સબળ પુરાવાથી ખંડન કરેલ નથી. વધુમાં સબબ તકરારી ચેક સમય મર્યાદામાં બેંકમાં જમા કરાવેલ હોવાનું તથા તે ચેક ''**Funds Insufficient** ''ના શેરા સાથે વગર સ્વીકારાયે પરત ફરેલ હોવાનું તથા ફરીયાદીએ સમય મર્યાદામાં આરોપીને નોટીસ મોકલાવેલ હોવાનું અનુમાન કરી શકાય. આમ,આરોપીએ સમય મર્યાદામાં રકમ ચુકતે કરેલ ન હોઈ ફરીયાદીએ સમય મર્યાદામાં હાલની ફરીયાદ આરોપી વિરૂધ્ધ કરેલ હોવાનું પુરવાર કરેલ હોય “મુદા નં. ૧” નો જવાબ “હકારમા આપી આરોપીને તકસીરવાર ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

(૧૪) રેકર્ડ જોતાં આરોપી ઘણી મુદતોથી હાજર રહેલ નથી. આજ રોજ પણ આરોપીને હાજર રહેવા માટે છેલ્લી મુદત આપેલ હોવા છતાં આરોપી કે તેના

વિ.વ.શ્રી હાજર નથી. કોઈ મુદત રીપોર્ટ નથી. જેથી આવા સંજોગોમાં આરોપીની ગેરહાજરીમાં જજમેન્ટ જાહેર કરવું ન્યાયોચિત જણાય છે.

વધુ માં નામ.ગુજરાત હાઈકોર્ટે **Sharad Jethalal Savla Vs. State of Gujarat & others (2017 3 GLH 146)** ચુકાદા ના પેરા નં.૧૨ માં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે,*So far as the first question is concerned as regards the pronouncement of the judgment and order of conviction and sentence in the absence of the applicant accused, I am of the view that no illegality could be said to have been committed by the trial court.* આમ નીચલી કોર્ટે આરોપીની ગેરહાજરીમાં સજાનો હુકમ કરેલ તે નામ. કોર્ટે યોગ્ય ઠેરવી નીચલી કોર્ટનો હુકમ ગેરકાયદેસરનો ન હોવાનું ઠરાવેલ છે.

(૧૫) આમ, હાલના કેસમાં આરોપીની ગેરહાજરીમાં સજાનો હુકમ જાહેર કરવો ન્યાયોચિત જણાય છે. આ કામે સજાના સંદર્ભે કેસની હકીકત ધ્યાને લઈએ તો આરોપીની પ્લી ક્રિમિનલ પ્રો.કોડની કલમ– ૨૫૧ મુજબ લેવામાં આવેલ છે અને તે આધારે કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.સજાના સંદર્ભમાં કેસની હકીકત ધ્યાને લઈએ તો નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ એ સ્પેશ્યલ એકટ છે અને તેમાં તેના ભંગ બદલ બે વર્ષ સુધીની કેદની સજા અથવા દંડ કે ચેકની રકમ કરતાં બે ગણા સુધી અથવા બંને થઈ શકે છે.

(૧૬) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ– ૪ ધ્યાને લેવામાં આવે તો સ્પેશ્યલ એકટમાં કરવામાં આવેલ સજાની જોગવાઈને આધારે તે મુજબ કોર્ટને આરોપીને તકસીરવાન ઠરાવવાની અને દંડ કરવાની સત્તા છે. સજા સંદર્ભે

આરોપી તરફે રેકર્ડ ઉપરની હકીકતો ધ્યાને લઈએ તો તથા આરોપીની ઉંમર, તેમની કૌટુંબિક જવાબદારી તેથી બે વર્ષ ની પુરેપુરી સજા કરવી યોગ્ય જણાતુ નથી. સામાન્ય રીતે સજાની માત્રા કેટલી હોવી જોઈએ તે બાબતે નામદાર વડી અદાલત તથા નામદાર સર્વોચ્ચ અદાલતના માર્ગદર્શક ચુકાદાઓ ઉપલબ્ધ છે. તે મુજબ સજા અત્યંત હળવી ન હોવી જોઈએ તેમજ સાથોસાથ અત્યંત કઠોર પણ ન હોવી જોઈએ. ગુનાની ગંભીરતા, તેના સંજોગો, આરોપીની ઉંમર, તેનો સામાજિક દરજજો, તે કયા સમાજમાંથી આવે છે તે વગેરે હકીકતોને ધ્યાને લઈ સજા અંગેનો નિર્ણય કરવાનો રહે છે. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટમાં સદર જોગવાઈ સુધારાથી દાખલ કરવા પાછળનો લેજીસ્લેચર નો હેતુ બેંકોનું કામકાજ તેના નિયમોનુસાર કોઈપણ જાતના અવરોધ વિના સતત અવિરતપણે ચાલતું રહે તે માટેનો છે. તે ઉપરાંત નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ કે જેમાં ચેક પ્રોમેસરી નોટ વગેરેનો સમાવેશ થાય છે. તેનો અવિરતપણે સતત ઉપયોગ ચાલતો રહે અને લોકોનો વિશ્વાસ તે વ્યવસ્થામાં ટકી રહે તે અંગેનો છે. સદરહુ આરોપીએ કાયદેસરના દેવાની ચુકવણી અર્થે ચેક આપ્યો છે. જે ચેક **"Funds Insufficient"** ના શેરા સાથે વગર સ્વીકારે પરત ફરેલ છે. તેથી તે કાયદા પાછળનો હેતુ ધ્યાને લેતાં આવા કેસમાં આરોપી પ્રત્યે દયા રાખવી ન જોઈએ અને સમાજમાં દાખલો બેસે અને લોકોનો બેંકીગ વ્યવસ્થામાં વિશ્વાસ ટકી રહે તે માટે આરોપીને ચોકકસપણે સજા કરવી જોઈએ તેમ હું માનું છું. કારણ કે, કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર કાયદા ઘડવા પાછળનો ધારાસભાના ઈરાદાનો અસરકારક અમલ તે અદાલતની મુખ્ય ફરજ બની રહે છે અને જો તે મુજબ કરવામાં ના આવે તો લોકોનો બેંકીગ વ્યવસ્થામાથી વિશ્વાસ ઉઠી જશે અને લોકો ચેકોનો બેફામ

દુરપયોગ કરતાં થઈ જશે. અને તે કારણે ભારતીય અર્થતંત્ર જે વિકાસશીલ અર્થતંત્ર છે તેને નુકશાન થાય અને તેથી તે બધી હકીકતોને ધ્યાનમાં લેતાં આરોપીને પ્રોબેશનનો લાભ આપવો પણ યોગ્ય અને વ્યાજબી જણાતું નથી.

(૧૭) વધુમાં **<u>૨૦૧૩(૧) જીએલઆર ૨૨૨, આર.મોહન વિરૂધ્ધ એ.કે.વિજયાકુમાર</u>** ના કેસનો ચુકાદો ધ્યાને લેતાં, નામદાર સુપ્રીમ કોર્ટે સદર એકટની કલમ ૧૩૮ અન્વયે સજાને પાત્ર ગુનાના કેસોની ઈન્સાફી કાર્યવાહીમાં આરોપીને સજા ફરમાવતી વખતે સંહીતાની કલમ– ૩૫૭ અન્વયે ફરીયાદીને વળતર તરીકે યોગ્ય રકમ ચુકવવાનો હુકમ કરવાની હિમાયત કરી છે. જે ધ્યાને લેતાં ફરીયાદીને યોગ્ય વળતર અપાવવું ન્યાયોચિત જણાતુ હોય જેથી "મુદા નં. ૨" પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>: : હુકમ : :</u>

- આ કામના **આરોપી– થોભાભાઈ વિહાભાઈ ભરવાડ** રહેઃમુ.પો:– ૨૨૪,અંબિકા સોસાયટી,ઉભરણ(વાયથડ) તાઃ–માલપુર જી:– અરવલ્લી., પી.૩૮૩૩૪૫ ને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૮(૨) અન્વયે નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ – ૧૩૮ મુજબના શિક્ષાાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

- આ કામના **આરોપી– થોભાભાઈ વિહાભાઈ ભરવાડ** રહેઃમુ.પો:– ૨૨૪,અંબિકા સોસાયટી,ઉભરણ(વાયથડ) તાઃ–માલપુર જી:– અરવલ્લી., પી.૩૮૩૩૪૫ ને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૮(૨) અન્વયે નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ – ૧૩૮ મુજબના શિક્ષાાપાત્ર ગુનામાં ૬ માસ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

➢ આરોપી એ તકરારી ચેક ની રકમ કુલ રૂ.૪૬૬૯૮ /– અંકે રૂપિયા છેતાલીસ હજાર છ સો અઠ્ઠાણું પૂરા ફરિયાદી ને વળતર તરીકે ચૂકવવા નો આથી હુકમ કરવામાં આવે છે.

➢ જો આરોપી આ વળતર ની રકમ ચૂકવવા માં નિષ્ફળ જાય તો આરોપી એ વધુ ૧ (એક) માસ ની સાદી કેદ ની સજા ભોગવવા નો હુકમ કરવામાં આવે છે.

➢ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ –૪૦૪ અન્વયે આરોપીને જજમેંટ ની નકલ વિનામૂલ્યે પૂરી પાડવી.

➢ આરોપી તરફે ના જાત મુચરકા તથા જામીનખત રદ્દ ગણવા.

➢ આ કામ ના આરોપી નું સજા વોરંટ ભરી ને મોકલી આપવું.

આજ તા.૩૦ મી માહે જૂન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

હિંમતનગર
તા.૩૦/૦૬/૨૦૨૬

(એન. જે. કોઠારી)
એડી.જ્યુડીશીયલ મેજી.ફર્સ્ટ ક્લાસ
હિંમતનગર
(કોડ : GJ 01645)